

# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા
શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલ, શ્રી વડતાલ ધામ,
'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર' ઉદ્ઘોષ દિન, ૩૧ ડિસેમ્બર ૨૦૨૩

**બ્રહ્માનંદ સ્વામીનું** પદ ગાયું એમાં એક શબ્દ બહુ મહત્ત્વનો, અગત્યનો આવ્યો - પ્રગટની નિષ્ઠા, શ્રદ્ધા ને ભક્તિનો. બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજને એમ કહે છે કે, 'મને અવર આશરો નથી.' શબ્દપ્રયોગ છે 'અવર' - અવર એટલે બીજો. એટલે જે છો તે તમે જ છો, જે ગણો એ તમે જ છો મહારાજ, બીજો આશરો નથી. બ્રહ્માનંદ સ્વામીના જીવનના આવા અનેક પ્રસંગો આપણને ખબર છે, એવા બ્રહ્માનંદ સ્વામીની તપોભૂમિ, કર્મભૂમિનું આ વડતાલ ધામ. એમાં પણ પંચ ભાવને જોડીએ છીએ. સૌથી પહેલો મંત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણે રામાનંદ સ્વામીના સ્વધામગમન પછીથી પોતાના આશ્રિત ભક્તોને જપવા માટે આપ્યો, એ મંત્ર 'ૐ શ્રી સ્વામિનારાયણ'; આ નામથી તેઓ પોતે પણ 'શ્રી સ્વામિનારાયણ ભગવાન' તરીકે પ્રખ્યાત થયા. અને એ મંત્રને જપનારાં આપણે બધાં પણ સમાજમાં 'સ્વામિનારાયણનાં સત્સંગી' તરીકે ઓળખાતાં થયાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે 'હું મારી મૂર્તિ દ્વારા, મારા શાસ્ત્ર દ્વારા અને મારા સંત દ્વારા સદાય પ્રગટ રહીશ' - એવા જે આશીર્વાદ આપ્યા એ આશીર્વાદની ફળશ્રુતિ સ્વરૂપે બ્રહ્માનંદ સ્વામીએ અહીંયાં ચરોતર પ્રદેશની સમૃદ્ધિને શોભે તેવું મંદિર રચીને અને વર્તમાનકાળે તો સોનાનાં શિખરોથી મઢાયેલું એ મંદિર આપણને પ્રભુનો દૃઢ આશરો અને એમના પ્રત્યેની ભક્તિ અદા કરવાનું સ્થાન છે.

આપણી આ પદયાત્રા આપણા જીવન-પરિવર્તનની યાત્રા બની રહે, આપણી જીવનયાત્રામાં પરિવર્તન આવે એવા અદ્ભુત દૃષ્ટાંતરૂપ વડતાલ ગામના જોબન પગી - જોબન વડતાલો - વડતાલ ગામનું નામ જેમના કામ સાથે જોડાયું હતું એવા જોબન પગી; જેઓ ગાયકવાડ સરકારના રૅવન્યૂ ખજાનાને લૂંટવાનું અદ્ભુત સાહસ કરતા, તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત બન્યા ને એમના જીવનમાં પરિવર્તન આવ્યું. બહુ મહત્ત્વની બાબત એ કે, એવા પ્રભુના ધારક સંતની સાથે, પ્રભુના અવતાર સાથે, પ્રભુના રૂપ-સ્વરૂપની સાથે એમને આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ એટલે જોબન પગી ભગવાનને વચનથી બાંધે છે કે, 'હવે હું તમારો થયો, તમે મારા થયા તો તમારે મારા ગામમાં જ રહેવાનું.' આ ગામમાં પ્રસાદીની જોબન વડતાલાની મેડી છે, જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે મુકામ કર્યો છે, નિવાસ કર્યો છે; એ મેડીને 'જોબન પગીની મેડી' કહેવામાં આવે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને તો 'જે ભજે તે સૌનાય ભગવાન !' 'જે સ્વામિનારાયણ મંત્ર જપે તે સૌનાય સહજાનંદ !' એ પ્રમાણે પ્રેમી ભક્ત જોબન પગીને સમજાવીને વાત કરી કે, 'હું વિચરણ કરતો રહીશ, પણ મારી મૂર્તિ હરિકૃષ્ણ મહારાજ સ્વરૂપે આ મંદિરમાં સ્થાપિત કરીશ.' જેનાં આજે આપણે સૌએ શ્રદ્ધા-ભક્તિથી દર્શન કર્યાં.

વડતાલ મંદિરે દર પૂનમે અને દરેક ઉત્સવે હજારોની સંખ્યામાં આવતા ભક્તો એક અને એકમાત્ર આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ અને આશરાના ભાવથી શ્રી હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરવા આવે છે. એટલે આ ધામમાં 'હરિકૃષ્ણ મહારાજની જય !' વિશેષ સ્વરૂપે બોલાય છે. સંપ્રદાયની રીતે શ્રી સ્વામિનારાયણ ભગવાને જે બે ગાદીઓનું સ્થાપન કર્યું, એમાંની એક આ 'લક્ષ્મીનારાયણ દેવની ગાદી' અને રઘુવીરજી મહારાજ પ્રથમ આચાર્ય તરીકે અહીંયાં બિરાજમાન થયા એવું આ શુભ સ્થાન, એ વડતાલનું માહાત્મ્ય છે !

મંત્ર, શાસ્ત્ર, મંદિર અને મૂર્તિ. મંદિરમાં બિરાજમાન મૂર્તિ અને મૂર્તિને ધારીને સદાય રહેલી એવી મનુષ્યમૂર્તિ ! કારણ કે, જ્યારે જોબન પગીને આશીર્વાદ સ્વરૂપે સ્વામિનારાયણ ભગવાને એમ કહ્યું કે, 'મારું સ્વરૂપ હું અહીંયાં સ્થાપીશ' ત્યારે તે સમયના કેટલાક સંતો અને ભક્તોને પણ મનુષ્યભાવ આવ્યો અને એમ કહ્યું કે, 'મહારાજ, આપ હયાત છો ત્યારે આપની મૂર્તિ મંદિરમાં પધરાવાય નહીં.' આપણે ભાગ્યશાળી છીએ કે, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની કૃપાને પરિણામે આપણે સદા દિવ્ય સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષની ઉપાસનાને હજુ તો સમજતાં થયાં છીએ. ત્યારે પ્રભુએ એ મૂર્તિને 'હરિકૃષ્ણ' નામ આપીને 'રાધાકૃષ્ણ' દેવની બાજુમાં પધરાવી, જે ડાબા હાથના ગોખમાં પ્રથમ મૂર્તિ છે. એ હરિકૃષ્ણ મહારાજને ધરાવેલો હાર પૂજારી મહારાજે ગુરુહરિ સાહેબદાદાને અર્પણ કર્યો; એ ભગવાનનો ભગવાનથી મિલાપ ! અને એ હાર, આ પચ્ચીસમી પદયાત્રા માટે જેમણે પરિશ્રમ અને ભક્તિ અદા કરી છે ને જેમનો આજે પ્રાગટ્યદિન છે એવા સાધુ શ્રેયસદાસજીને ગુરુહરિ સાહેબદાદાએ આશીર્વાદ રૂપે અર્પણ કર્યો એ બહુ ધન્ય ઘડી છે અને આપણાં સર્વને માટે અત્યંત આનંદની વાત છે ! સાહેબદાદાએ એ માળા જ્યારે શ્રેયસદાસજીને આરોપી ત્યારે સૂચના આપી કે, 'આ હરિકૃષ્ણ મહારાજની પ્રસાદીનો હાર છે, એની સઘળી પુષ્પ પાંખડીઓને સંભાળપૂર્વક સૂકવીને સાથે રાખજો.' જે 'ન અવર આશરો' – મને અન્ય કોઈનો આશરો નથી પ્રભુ, મને એક તારો જ આશરો છે, ગુરુ, એક તારો જ આશરો છે ! અને તારાં જ નામસ્મરણ અને સ્મૃતિ સહિત હું મારા જીવનમાં આ ભાથું બાંધું છું, ગાંઠ વાળું છું, અને નિષ્ઠાની, નિશ્ચયની પાકી ખાતરી કરું છું એવા રૂડા આશીર્વાદ આપ્યા.

ભગવાનના ભક્તોનું અને સંબંધનું કેટલું માહાત્મ્ય છે, એ વાત ગુરુહરિ સાહેબદાદાએ સમજાવી છે. 'પ્રસાદીનો લીમડો' સ્વભાવ અને પ્રકૃતિથી વનસ્પતિ તરીકે લીમડો એ લીમડો જ રહ્યો, પણ પરમેશ્વર પ્રભુ સ્વામિનારાયણ એના હેઠળ બિરાજમાન થયા એટલે પ્રસાદીના વૃક્ષનો મહિમા વધ્યો. લોકો એનાં દર્શન કરે, એ વૃક્ષની છાલ-પાંદડાંને પ્રસાદી તરીકે સાથે લઈ જાય ને સંઘરે, પોતાનાં દુઃખ-દર્દને મિટાવવા માટે દવા તરીકે એનો ઉપયોગ કરે એટલું એના સંબંધનું માહાત્મ્ય છે. એવા ભગવાનના ભક્તોનું માહાત્મ્ય પણ એમનાં સ્વભાવ, પ્રકૃતિ, આકૃતિ કે વર્તન જોયાં વગર એમનો ગુરુ સાથેનો સંબંધ, એમનો પ્રભુ સાથેનો સંબંધ એ જ મુખ્ય અને મહત્ત્વનો માનીને આપણે સર્વની નિર્દોષબુદ્ધિ રાખી, માહાત્મ્યથી આપણા ભાગે આવતી સેવા કરી લઈએ એ જ આ જીવનનું સાચું ભાથું છે. અને ડગલે ડગલે ભેગું થયેલું અશ્વમેધ યજ્ઞના પુણ્યને સંઘરી રાખવાનું સુપાત્ર બનવા માટેનું ઠેકાણું છે.

રસ્તે ટી-કેન્ટીન પર ભક્તોએ ગુરુહરિ સાહેબદાદાનું, સંતોનું અને સર્વ પદયાત્રીઓનું સ્વાગત, સન્માન કરીને એમની સરભરા કરી. એનો રાજીપો ગુરુહરિ સાહેબદાદાએ પોતે ત્યાં વિરામ કરીને, એ ભક્તોની સેવાને બિરદાવીને એમને રૂડા આશીર્વાદ આપ્યા અને દઢાવ કરાવ્યો કે, 'આજે જે પુણ્ય કમાયાં છીએ કે પુણ્ય કમાવાનો જે માર્ગ છે એ નિર્દોષબુદ્ધિ રાખી, સંબંધનું માહાત્મ્ય સમજીને હાલાપોલા, નાના-મોટા ભક્તોની કોઈ પણ પ્રકારની વિક્તિ કર્યા વગર સ્વધર્મેયુક્ત આપણા ભાગે આવતી સેવા કરી લઈએ.' આપણે માહાત્મ્યનો વધારો કરીએ, આપણી ભક્તિમાં વધારો કરીએ તો ગુરુની અને પ્રભુની આપણને અઢળક પ્રસન્નતા પ્રાપ્ત થાય એવો આ પંચમ ઉત્સવ છે. એમાં અતિશય અને મહત્ત્વની બાબત છે – એવા પ્રગટ સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થવી.

મંત્ર છે, મંદિર છે, મૂર્તિ છે, અને એની સાથે એને ધારક એવા પ્રગટ સત્પુરુષ છે. શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસનાના સિદ્ધાંત પ્રમાણે શ્રી અક્ષર અને પુરુષોત્તમના પરમ તત્ત્વને ધારક એવા જે સાધુ, સંત, મનુષ્ય-આકૃતિ પ્રગટ સ્વરૂપ આપણને પ્રાપ્ત થયું છે તેમના વિશેનો દિવ્યભાવ દિન-પ્રતિદિન આપણને વધતો જાય અને એના પરિણામે એમના સંબંધવાળા સર્વ ભક્તોની નિર્દોષબુદ્ધિ રાખીને સેવા-ભક્તિ, પરિચર્યા કરવાનો ભક્તિભાવ પણ આપણા હૃદયને વિશે વધતો જાય તેવી આ પંચમ ઉત્સવે ભગવાન શ્રી સ્વામિનારાયણની આ પુનિત ભૂમિ પર પ્રાર્થના-સંકલ્પ છે ! બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના શબ્દપ્રયોગ પ્રમાણે તો ગોકુળ, વૃંદાવનની રમણરેતી જેવી આ પવિત્ર ભૂમિ, જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે બાજુના આ ગોમતી તળાવમાં-સરોવરમાં સંતો, પરમહંસો સાથે સ્નાન કર્યાં છે, આ મંદિર નિર્માણમાં શ્રમદાન કર્યાં છે અને આપણને સૌને મંદિર, મૂર્તિ, શાસ્ત્ર, મંત્ર અને એ મંત્રને સાકાર કરનારા પ્રગટ સત્પુરુષ સાથે જોડ્યા છે. એવા આ ધન્ય વડતાલ ધામમાં આપણે પધાર્યાં, આપણે ધન્ય થઈ ગયાં !

૨૦૨૪ના વર્ષનો કાલે પ્રથમ દિવસ છે. 'Think Positive' – હંમેશાં સવળું લો. જે ગયું એ ગયું અને છેલ્લું છે એમ નહીં, પણ નવું આવી રહ્યું છે અને ઘણું જીવવાનું છે એવી હોંશ અને ઉમંગથી ૨૦૨૪ના વર્ષની આપણે શુભ શરૂઆત ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાસાદિક ભૂમિ વડતાલના આવા શુભ સ્થાનમાં આપણને પ્રાપ્ત થયેલી દિવ્ય મૂર્તિ – પ્રગટ ગુરુહરિ સાહેબદાદાના સાંનિધ્યમાં પંચમ ઉત્સવની, પંચ તત્ત્વની સ્મૃતિ સાથે શુભ શરૂઆત કરીએ છીએ. પ્રભુ આપણને બુદ્ધિ, શક્તિ, ભક્તિ ખૂબ ખૂબ અર્પે ! ગુરુ આપણા ઉપર ખૂબ પ્રસન્નતા વરસાવે તેવી મંગલ પ્રાર્થના ! જય શ્રી સ્વામિનારાયણ ! ◆